ગાંધીનગર સમાચાર

# બનાસડેરીમાં કસ્ટોડીયનની નિમણૂક સામે પશુપાલકો ખફા

## રોષે ભરાયેલા પશુપાલકો દ્વારા ડેરીમાં તોડફોડ ડીરેક્ટર - કસ્ટોડીયન સહિત ત્રણને ઈજા



બનાસકાંઠાની એશિયાની પ્રથમ નંબરની ડેરી ગણાતી બનાસડેરીની ચૂંટણીની મુદત પૂર્ણ થયા બાદ જાહેરનામા જલદી પ્રસિદ્ધ કરવા તથા બીજા પક્ષે કસ્ટોડીયન નિમવાને લઈ ભારે જંગ ચાલતું હતું. દરમિયાન આજે અચાનક બનાસડેરીમાં કસ્ટોડીયન નિમાતા પશુપાલકો રોષે ભરાતા ડેરીમાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. રોષે ભરાયેલા પશુપાલકોએ ડેરીમાં ભારે તોડફોડ કરતા તંગદીલીનો માહોલ સર્જાયો હતો. આ બનાવમાં ડેરીના ડીરેક્ટર અણદાભાઈ પટેલ અને ખુદ કસ્ટોડીયનને ભારે ઈજાઓ થતા તેમને હૉસ્પિટલ ખસેડાયા હતા. ઉપરાંત અન્ય અધિકારીને પણ ઈજાઓ પહોંચી હતી. એશિયાની પ્રથમ નંબરની ગણાતી બનાસડેરીના સંચાલક મંડળની ચૂંટણીનો વિવાદ હિંસક સ્વરૂપમાં આવી ગયો છે. બનાસ ડેરીમાં પરથીભાઈ ભટોળ સામે ભ્રષ્ટાચારની હાઈકોર્ટ દ્વારા તપાસ સોંપાઈ હતી. કોઈ સરકાર દ્વારા ચૂંટણી પાછી ઠેલાવી હાલ કસ્ટોડીયનની નિમણૂક કરવામાં આવી હતી. જેમાં વહીવટદાર તરીકે નિમાયેલા જિલ્લા રજીસ્ટાર એસ. બી. ચૌહાણ આજે ડેરીમાં ચાર્જ લેવા પહોંચ્યા હતા ત્યારે પશુપાલકો જણાવ્યું કે વહીવટદારની







(તસવીર : હરેશ જોષી, પાલનપુ)

નિમણૂક રાજ્ય આરોગ્ય મંત્રી શંકર ચૌધરીના ઈશારે કરાઈ હોવાના આક્ષેપો સાથે બળાપો ઠાલવતા ડેરીમાં હલ્લાબોલ કર્યો હતો. રાજ્ય મંત્રી શંકર ચૌધરીના છાજીયા કુટી ડેરીના ડીરેક્ટર અને શંકર ચૌધરીના સમર્થક અણદાભાઈ પટેલ, લક્ષ્મણભાઈ પટેલ અને રજીસ્ટાર એસ. બી. ચૌહાણ પર હિંસક હુમલો થતા ચકચાર મચી ગઈ હતી. પ્રાપ્ત માહિતી અનુસાર અણદાભાઈની તબીયત લથડતા અમદાવાદ રીફર કરાયાનું જાણવા મળેલ છે. ટોળુ બેકાબુ બનતા પોલીસે બનાસડેરીને સી.આર.પી.એફ. અને બી.એસ.એફ.ને હવાલે કરતા ડેરી સમ્રાંગણમાં ફેરવાઈ ગઈ હતી.

### પ્રાંતિજમાં શ્રમિકોને યુવીન કાર્ડ આપવામાં આવ્યા

પ્રાંતિજ, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગ, ગાંધીનગર દ્વારા ગુજરાત રાજ્યમાં જે શ્રમિકો હોય તેને મળતા લાભો સહિતનું તેના ફોટા અને સરનામા સહિતનું યુવિન કાર્ડ આપવાની યોજના અમલમાં મુકેલ છે.

આ કામગીરી પ્રાંતિજ ખાતે ગ્રાહક હિત સુરક્ષા મંડળ દ્વારા કરવામાં આવી છે. આ કાર્યક્રમમાં મદદનિશ સરકારી શ્રમ અધિકારી શ્રીમતિ કે.એન. મોદી તથા નગરપાલિકા પ્રાંતિજના પ્રમુખ નિરવભાઈ પરીખના હસ્તે શ્રમિકોને યુવિન કાર્ડ આપવામાં આવેલ હતા. તથા આ કાર્ડનો ઉપયોગ શું છે અને કયા કયા લાભો શ્રમિકોને મળે તેની વિગતવાર માહિતી શ્રીમતિ મોદીએ આપેલ હતી.

પ્રમુખ નિરવભાઈ પરીખે આવી ખુબજ સારી યોજનાનો લાભ લેવા નગરજનોને જણાવ્યું હતું.

# અરવલ્લીની ગિરિમાળાઓ લાલ ધજા અને રથથી છવાઈ

## ઝરમર વરસાદમાં દંપતિએ સંતાન પ્રાપ્તિ માટે મા અંબેની માનતા પુરી કરવા પદયાત્રાએ

મોડાસા, તા. ૨૨

ચલો બુલાવા આયા હૈ... માતાના બુલાયા હૈ... સંઘોનું અંબાજી તરફ ઘોડાપુર અરવલ્લીની ગિરિમાળાઓમાં ઉમટ્યું છે. સુપ્રસિદ્ધ યાત્રાધામ અને કરોડો માઈભક્તોના આસ્થા કેન્દ્ર સમા અંબાજી માતાના ચરણોમાં ભાદરવી પૂનમે શીશ ઝુકાવી દર્શનની અદમ્ય ઈચ્છા સાથે કેટલાય કિલોમીટરની કઠીન પદયાત્રા કરીને જઈ રહેલા ભક્તોથી અરવલ્લીના માર્ગો ધન્ય બન્યા છે. સવાર સાંજ પદયાત્રા સંઘ દ્વારા આરતી અને પૂજા અર્ચનાથી અરવલ્લીની ગિરિમાળાઓનું વાતાવરણ આહ્‌લાદક બન્યું છે. ઝરમર વરસાદમાં અરવલ્લી જિલ્લાના પદયાત્રીઓનો સંઘ પણ આજથી અંબાજી જવા પ્રસ્થાન થયા હતા.

જગતજનની મા અંબા ભવાનીના ભાદરવીના મહામેળામાં દૂરદૂરથી માઈભક્તો આ





શક્તિપીઠને જોડતા માર્ગો પર જય અંબેના ગગનભેદી નાદ સાથે આગળ વધી રહ્યા છે. અરવલ્લીની ગિરિમાળાઓએ અને જાહેર માર્ગોએ જાણે મા અંબેની ભક્તિથી તળબોળ બન્યા હોય તેમ ઠેર ઠેર લાલ ધજાઓ અને રથ જોવા મળી રહ્યા છે. ઝરમર-ઝરમર વરસાદી માહોલમાં ભીંજાતા જતા આ માઈભક્તો મુખે મા જગદંબાના સ્મરણ સાથે જાણે અગોચર શક્તિના સંચારથી ભારે ઉમંગભેર અંબાજીનો માર્ગ કાપી રહ્યા છે. અરવલ્લીની ગિરિમાળાઓમાંથી પસાર થતા દૂરદૂરના માઈભક્તો પસાર થતા માર્ગો પર ભજન-કિર્તન અને ગરબાના રમઝટથી આહ્‌લાદક અને ભક્તિમય માહોલ બંધાયો છે. કેટલાય ભક્તો, પગપાળા સંઘો વર્ષોની પરંપરા મુજબ પોતાની સાથે માતાજીની છબી અને અખંડ જ્યોત સાથે ચાલી રહ્યા છે. જય અંબે.. બોલ મારી અંબે.. જય જય અંબે..ના નાદથી સર્વત્ર ગુંજી રહ્યા છે. અરવલ્લી જિલ્લાના મોડાસાના માર્ગો પરથી પદયાત્રીઓની સાથે પસાર થવાજ અવિરત પ્રવાહમાં ઝરમર વરસાદમાં ફતેપુરા (પંચમહાલ)થી અંબાજી તરફ પોતાના વ્હાલસોયા બાળકની રાખેલી મા અંબેના દર્શન કરાવવાની બાધા-આખડી પૂર્ણ કરવા પોતાના બાળક સાથે પસાર થતુ દંપતિ અને પરિવારજનો નજરે પડ્યા હતા. ઝરમર વરસાદમાં બાળકે ૧૦૦ કિ.મી. જેટલું અંતર કાપી મોડાસા શહેરથી પસાર થતુ હોવા છતાં બાળકનો માસુમ પ્રફુલ્લિત ચહેરો જોવા મળતો હતો.

(તસવીર : જય અમીન, મોડાસા)

### લાલપુર નજીકથી બિનઅધિકૃત રીતે ખનિજ વહન કરતા સાત વાહનો સીઝ કરાયા

હિંમતનગર, તા. ૨૧

હિંમતનગર-વિજાપુર માર્ગ પરના લાલપુર-સતનગર ગામ નજીકથી ખાણ-ખનિજ વિભાગની ટીમે ચેકીંગ ઝુંબેશ દરમિયાન રવિવારે બિનઅધિકૃત રીતે ખનિજ વહન કરી આવતા ત્રણ ટ્રેક્ટરો અને ઓવરલોડ રેતી ખનિજ ભરી પસાર થતી ચાર ટ્રકોને ઝડપી લઈ હિંમતનગરના ગ્રામ્ય પોલીસ સ્ટેશન હવાલે કરી છે. વિભાગના સૂત્રોએ રોયલ્ટી પાસ વિના તેમજ ઓવરલોડ ખનિજ વહન કરતા વાહન માલિકો વિરૂદ્ધ દંડનીય કાર્યવાહી હાથ ધરી છે.

ખાણ-ખનિજ વિભાગના સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગત અનુસાર જાહેર રજાના દિવસો દરમિયાન કેટલાક વાહન માલિકો રોયલ્ટી પાસ વિના તેમજ ઓવરલોડ ખનિજ ભરી સરકારી તંત્રની આંખમાં ધૂળ ઝોંકવાનું કામ કરી રહ્યા છે. જેને પગલે ભુસ્તર વિભાગના ભુસ્તરશાસ્ત્રી કે.એમ. પટેલની સુચનાથી વિભાગની ટીમ દ્વારા રવિવારે હિંમતનગર-વિજાપુર માર્ગ પર ચેકીંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. ચેકીંગ ઝુંબેશના પગલે ખનિજ વિભાગના રોયલ્ટી ઈન્સ્પેક્ટર કે.કે. વ્યાસની ટીમે રવિવારે લાલપુર-સતનગર ગામ નજીકથી રોયલ્ટી પાસ વિના સાદી રેતી ભરી નીકળેલા ત્રણ ટ્રેક્ટરની તપાસ હાથ ધરી જબ્બે કર્યા હતા. ઉપરાંત સાદી રેતી અને માટી ઓવરલોડ ભરી નીકળેલા ચાર ટ્રકોની પણ તપાસ કરી સાત વાહનો સીઝ કરી હિંમતનગરના ગ્રામ્ય પોલીસ સ્ટેશન હવાલે કર્યા હતા. વિભાગના સૂત્રોએ સાતેય વાહન માલિકો વિરૂદ્ધ બિનઅધિકૃત રીતે ખનિજ વહન કરવાના મામલે દંડનીય કાર્યવાહી હાથ ધરી છે. માર્ગ પર જાહેર રજાના દિવસ દરમિયાન હાથ ધરાયેલી ચેકીંગ ઝુંબેશથી ખનિજ ચોરી કરનારા તત્વો ફફડી ઉઠ્યા છે.



### મેઘવાળ સમાજ દ્વારા બાબા રામદેવ પીરને વાજતે ગાજતે નેજા ચઢાવ્યા

આજે ભાદરવા મહિનાની નોમ નિમિત્તે બાબા રામદેવ પીરને લોકોએ નેજા ચઢાવી પૂજા અર્ચના કરી હતી. ત્યારે ધાનેરાના લાધાપુરામાં પણ મેઘવાળ સમાજ દ્વારા પણ બાબા રામદેવ પીરને વાજતે ગાજતે નેજા ચઢાવ્યા હતા. બનાસકાંઠાના ધાનેરાના લાધાપુરા વિસ્તારમાં વર્ષો જુનું બાબા રામદેવ પીરનું મંદિર આવેલું છે. જ્યાં વર્ષોથી નોમના દિવસે મેઘવાળ સમાજ દ્વારા બાબા રામદેવ પીરને નેજા ચઢાવાવમાં આવે છે ત્યારે આજે ભાદરવી નોમ હોવાથી ધાનેરા લાધાપુરા વિસ્તારના મોટી સંખ્યામાં લોકોએ ભેગા થઈ બાબા રામદેવ પીરને વાજતે ગાજતે નેજા ચઢાવ્યા હતા અને પ્રસાદનું પણ વિતરણ કર્યું હતું. ધાનેરા લાધાપુરા વિસ્તારમાં આવેલા બાબા રામદેવ પીરના મંદિરે ભાદરવા મહિનામાં ત્રી દિવસીય મહોત્સવ પણ ધામધૂમથી ઉજવવામાં આવે છે. જેમાં નોમના દિવસે સવારે નેજા ચઢાવવામાં આવે છે અને નોમની રાત્રે ભજન સત્સંગ પણ કરવામાં આવે છે અને દસમના દિવસે રામધુન કરવામાં આવે છે અને અગિયારસના દિવસે ભવ્ય શોભાયાત્રા નીકળી આ ત્રી દિવસીય મહોત્સવની ધામધૂમથી ઉજવણી કરે છે.

### લાંબડીયામાં બાઈકના સ્પેરપાર્ટસ ચોરાયા

હિંમતનગર, તા. ૨૧

લાંબડીયા ત્રણ રસ્તા વિસ્તારમાં ફોરેસ્ટ ઓફીસની બાજુમાં રહેતા મણીભાઈ ધરમાભાઈ પારધીના બાઈક નં. જીજે.૯.જીજે-૯.સી બી. ૬૭૯૦માંથી રવિવારે રાત્રે અજાણ્યા શખ્સો કેટલાક સ્પેરપાર્ટસ ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે મણીભાઈ પારધી સોમવારે ખેરોજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ઉલ્લેખનીય છે કે થોડા સમય અગાઉ લાંબડીયામાં આવેલી વાહનના સ્પેરપાર્ટસની દુકાનમાંથી અને એક મંદિરમાંથી થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો નથી ત્યાં ફરીથી તસ્કરોએ પોતાના હાથ અજમાવ્યા છે. જેથી પોલીસે આ વિસ્તારમાં રાત્રિ પેટ્રોલીંગ વધારવું જોઈએ.



પાલનપુર સિવિલમાં ખાનગી સંસ્થા દ્વારા હંગામી ધોરણે રખાયેલા કામદારોને પગારના મુદ્દે અસંતોષના પગલે હડતાલ પર ઉતર્યા હતા તેમજ સિવિલના વહીવટીતંત્ર પર પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો હતો. એક તરફ ૫૦થી વધુ કામદારોના જીવન સાથે જોડાયેલા સિવિલમાં પગારના મુદ્દે તંત્રનું ભેદી મૌન છે. તો બીજી તરફ કામદારોને આપતા પગારમાં પણ ભારે ભ્રષ્ટાચાર થતું હોવાનો આક્ષેપ છે ત્યારે તંત્ર આ છેવાડાના માનવી માટે ક્યારે આગળ આવે છે તે જોવું રહે છે. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)









## અંબાજી ભાદરવી મહામેળાનો કલેક્ટર હસ્તે વિધિવત પ્રારંભ થયો

પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મુકામે ૨ રથી ૨૮ સપ્ટેમ્બર દરમિયાન યોજાનાર ભાદરવી મહામેળાનો કલેક્ટર કમ અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેનશ્રી દિલીપ રાણા હસ્તે વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો હતો. અંબાજી દાંતા રોડ ઉપર દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા બનાવવામાં આવેલ પ્રદર્શન ગેલેરીમાં માતાજીની પૂજાઅર્ચના કરીને માતાજીના રથને થોડેક સુધી લઈ જઈને કલેક્ટરશ્રીએ ભવ્યવિધિવત પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે બ્રાહ્મણોએ શાસ્ત્રોક્ત વિધિથી માતાજીની પૂજા વિધિ કરીને મેળો સુખરૂપ સંપન્ન થાય તે માટે પ્રાર્થના કરી હતી. અંબાજી મુકામે દાંતા રોડ ઉપર વેંકટેશ માર્બલની બાજુમાં અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા વિશાળ પ્રદર્શનનું કલેક્ટરશ્રી દિલીપ રાણાના હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. પ્રદર્શન કેન્દ્રમાં સરકારશ્રીની વિવિધ કલ્યાણકારી યોજનાઓ તથા વિકાસ અંગે વિસ્તૃત માહિતી મુકવામાં આવી છે. જેનો વિશાળ સંખ્યામાં યાત્રિકો લાભ રહી રહ્યા છે. **(તસવીર : હરેશ જોષી, પાલનપુર)**